GJJM020086362022

**ફોજદારી કેસ નં. ૬૭૧૩/૨૦૨૨**

**:– આંક–૦૧ લગત હુકમ :–**

આ કામે ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરતાં આ કામના આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈશ્યું કરતાં આરોપીને આજદિન સુધી પ્રોસેસ ની અસરકારક બજવણી થયેલ નથી અને આરોપી જણાવેલ સરનામે રહેતા ન હોવાના શેરા સાથે પ્રોસેસ પરત ફરેલ છે. વધુમાં રેકર્ડ જોતા કેસ ઘણો જુનો છે અને ફરીયાદી તથા ફરીયાદીના વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહી આરોપીને પ્રોસેસની બજવણી માટે કોઈ રસ દાખવેલ નથી. આ કામના ફરીયાદીને આરોપીનું નવું સરનામું રજુ કરવા માટે યોગ્ય અને વ્યાજબી તક આપવા છતાં કોઈ સરનામું રજુ કરેલ નથી. આજરોજ ફરીયાદીની વારંવાર પોકાર કરવા છતાં ફરીયાદી પોતે જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે આરોપીને પ્રોસેસ ની બજવણી માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. આ સંજોગોમાં ફરીયાદીને હાલની ફરીયાદ આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેવું જણાતું ન હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૫૬ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં હાલની ફરીયાદ આગળ ચલાવવી ન્યાયોચીત જણાતું ન હોય, ફરીયાદીની ફરીયાદ તેના કસુરના કારણે રદ યાને (ડીસમીસ ફોર ડીફોલ્ટ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૭ ના રોજ, માહે– એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

જામનગર
તા.૦૭/૦૪/૨૦૨૬

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
ચોથા એડી. સીની. સિવિલ જજ
અને એડી. ચીફ જયુડી. મેજી.
જામનગર.

(DIRECT)
KGJ

**CODE NO.GJ 01073**